ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૭ ડીગ્રી
ભેજ
સવારે ૯૮ ટકા ● સાંજે ૯૨ ટકા

ગાંધીનગર તાપમાન

શ્રાવણ પાર્થિવ શિવલિંગની પૂજાની પરંપરા

જાણો શિવપુરાણ અનુસાર પાર્થિવ શિવલિંગ કેવી રીતે બનાવવું અને તેની પૂજા પદ્ધતિની રીત : અધિક શ્રાવણ અને શ્રાવણ માસમાં પાર્થિવ લિંગ બનાવીને શિવની પૂજા કરવાથી વિશેષ પુણ્ય મળે છે. શિવપુરાણમાં પાર્થિવ શિવલિંગની પૂજાનું મહત્વ સમજાવવામાં આવ્યું છે. કલયુગમાં કુષ્માંડ ઋષિના પુત્ર મંડપે પાર્થિવ પૂજાની શરૂઆત કરી હતી.

શિવ મહાપુરાણ અનુસાર આ પૂજાથી ધન, ધાન્ય, સ્વાસ્થ્ય અને પુત્રની પ્રાપ્તિ થાય છે. માનસિક અને શારીરિક સમસ્યાઓથી પણ મુક્તિ મળે છે.શિવલિંગ બનાવ્યા પછી ગણેશજી, ભગવાન વિષ્ણુ, નવગ્રહ અને માતા પાર્વતી વગેરેનું આહ્વાન કરવું જોઈએ. ત્યારે યોગ્ય તપાસ થવી જોઈએ. પાર્થિવ શિવલિંગ બનાવ્યા પછી તેને પરમ બ્રહ્મ માનીને પૂજા અને ધ્યાન કરો. પાર્થિવ શિવલિંગ દરેક મનોકામના પૂર્ણ કરે છે. શાસ્ત્રોક્ત વિધિથી દેહદાન કર્યા બાદ પરિવાર સાથે પૂજા કરવાથી પરિવાર ખુશ રહે છે.

પાર્થિવ શિવલિંગ નદી-તળાવની માટીમાંથી બનાવવામાં આવે છે.પાર્થિવ શિવલિંગ બનાવવા માટે પવિત્ર નદી અથવા તળાવની માટી લો. તે માટીને ફૂલો, ચંદન અને અન્ય પૂજા સામગ્રીથી શુદ્ધ કરો.માટીમાં દૂધ ભેળવીને શુદ્ધ કરો. શિવ મંત્રનો જાપ કરતી વખતે તે માટીમાંથી શિવલિંગ બનાવવાની પ્રક્રિયા શરૂ કરો.શિવલિંગનું મુખ પૂર્વ કે ઉત્તર તરફ રાખીને બનાવવું જોઈએ. માટી, ગોબર, ગોળ, માખણ અને ભસ્મ ભેળવીને પાર્થિવ શિવલિંગ બનાવો.પાર્થિવ શિવલિંગ ૧૨ આંગળીઓથી ઊંચું ન હોવું જોઈએ. આનાથી ઉંચા છો તો પૂજાનું પુણ્ય મળતું નથી. શિવલિંગ પર ચઢાવવામાં આવેલી વસ્તુઓનો સ્વીકાર ન કરવો જોઈએ.



રાંધેજા ખાતે "વરિષ્ઠ બ્રાહ્મણ સન્માન " અને "વિદ્યાર્થી પારિતોષિક સન્માન સમારોહ

ગાંધીનગર, તા.૩૧

સમસ્ત બ્રહ્મસમાજ ન્યુ ગાંધીનગર (પરશુરામ ફાઉન્ડેશન પ્રેરિત) 'બ્રહ્મ શૈક્ષણિક સમિતિ' દ્વારા આયોજીત 'વિદ્યાર્થી પારિતોષિક સન્માન' તેમજ 'વરિષ્ઠ બ્રાહ્મણ સન્માન' ૬૦ વર્ષથી વધુના વડીલોનું સન્માન સમારોહ બ્રહ્મસમાજ ની વાડી, રાંધેજા ખાતે યોજાયો હતો. સમસ્ત બ્રહ્મસમાજ ન્યુ ગાંધીનગરના રાંધેજા, કોલવડા, રૂપાલ અને પેથાપુર ગામના બ્રહ્મબંધુઓ એકત્રિત થઈ આ આયોજનને સફળ બનાવ્યો હતો. બ્રહ્મસમાજ ની વાડી, રાંધેજા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાંધેજા, કોલવડા, રૂપાલ, પેથાપુરના ભૂદેવોનું ન્યુ ગાંધીનગર બ્રહ્મ સમાજ દ્વારા ભૂદેવ સંગઠન પર્વની ઊજવણીના ભાગરૂપે ૧૨૧ થી વધુ વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા તેમજ ૯૫ થી વધુ વડીલો તેમજ અન્ય મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે ધારાસભ્ય રીટાબેન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમને સફળ બનાવવા સંગઠનના કાર્યકરો, હોદ્દેદારોએ

ખુબ પ્રસંશનીય કામગીરી કરી હતી. સમસ્ત બ્રહ્મ સમાજ ન્યુ ગાંધીનગરના કાર્યક્રમમાં આશરે ૪૫૦થી વધુ બ્રહ્મબંધુઓ એકત્રિત થયા હતા, અને કાર્યક્રમનું સ્થળ જયનાદ, હર હર મહાદેવ, જય પરશુરામના નારાથી ગુંજી ઊઠ્યું હતું. જેમાં સમસ્ત બ્રહ્મસમાજ ન્યુ ગાંધીનગરના પ્રમુખ વિપુલભાઈ ઠાકર, ઉપપ્રમુખ ડૉ. સુનિલભાઈ, સંગઠન મંત્રી કામેષભાઈ, યુવા ઉપપ્રમુખ પુષ્પકભાઈ શુક્લ, અશ્વિનભાઈ રાવલ, કુડાસણ પ્રમુખ અમિતભાઈ, મહિલા પાંખના મીતાબેન, ભારતીબેન અને જાનીદાદાના માર્ગદર્શન હેઠળ સમસ્ત બ્રહ્મસમાજ ન્યુ ગાંધીનગર, રાંધેજા ના પ્રમુખ જયેશભાઈ પંડ્યા, ઉપપ્રમુખ જતીનભાઈ પંડ્યા મહામંત્રી સંજયભાઈ ત્રિવેદી તેમજ રાંધેજા ગામના બ્રહ્મબંધુઓ તેમજ સમસ્ત બ્રહ્મસમાજ ન્યુ ગાંધીનગર, કોલવડાના પ્રમુખ પંકજભાઈ ઠાકર, ઉપપ્રમુખ નટવરભાઈ ઉપાધ્યાય, મહામંત્રી બિપીનભાઈ ઉપાધ્યાય, અને કોલવડા ગામના બ્રહ્મબંધુઓ તેમજ સમસ્ત બ્રહ્મસમાજ ન્યુ ગાંધીનગર, રૂપાલ ના પ્રમુખ રાજેન્દ્રભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ આશુતોષભાઈ ત્રિવેદી, મહામંત્રી સંતોશભાઈ વ્યાસ અને રૂપાલ ગામના બ્રહ્મબંધુઓ સાથે પેથાપુર ગામના બ્રહ્મબંધુઓ મોટી સંખ્યા માં ઉપસ્થિત રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

હાઈકોર્ટના ચીફ જસ્ટીસ દ્વારા સાયકો સોસીયો કેર સેન્ટરની મુલાકાત

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના મુખ્ય સંરક્ષક જસ્ટિસ સુનિતા અગરવાલ તથા ગુજરાત હાઈકોર્ટના સિનિયર જજ જસ્ટિસ એન. વી. અંજારિયા દ્વારા સાબરમતી મધ્યસ્થ જેલની મુલાકાત લીધી હતી. તેમની મુલાકાત દરમિયાન તેઓએ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળની અનુશ્રામાં ચાલતા બે મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ "સાયકો સોસીયો કેર સેન્ટર" જે ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ તથા રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી તેમજ ગુજરાત સરકારના સહિયારા પ્રયાસ થી કાર્યરત છે તેની મુલાકાત લીધી હતી. યુનિવર્સિટીના મેંટર ડૉ વાયા તથા ડિરેક્ટર ત્રિપાઠી પાસેથી

જજીસે સેન્ટરની કાર્યપદ્ધતિ જાણી હતી. ચીફ જસ્ટિસ દ્વારા સેન્ટરની કાર્યવાહી બિરદાવવામાં આવી હતી. સ્થપાયા બાદ કુલ ૨૧૬૯ સેશન કેદીઓ દ્વારા સેન્ટરના મનોચિકિત્સક સાથે કરવામાં આવેલ જેનાથી તેમના માનસિક આરોગ્યમાં ઘણો સુધારો આવ્યો હતો. આ સાથે ચીફ જસ્ટિસ દ્વારા ઉપાસના સ્કૂલ ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સના સાયુજ્ય સાથે ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના મ્યુઝિકલ વોકેશનાલ કોર્સનો પણ પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. જેમાં ડિરેક્ટર ડૉ. વિરાજ ભટ્ટ ઉપસ્થિત રહયા હતા. બંને પ્રવૃતિ અંગે કેદીઓમાં ખૂબ ઉત્સાહ છે. કેદીઓ દ્વારા ચીફ જસ્ટિસ ના સંવેદનશીલ અભિગમ ની પ્રશંસા પણ કરવામાં આવી હતી.

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ માટે બીએસસીનો ઈન્ડકશન પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ૩૧મી જુલાઈના રોજ સાયન્સ વિભાગે બીએસસી માટે ઈન્ડકશન પ્રોગ્રામ હાથ ધર્યો હતો. સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓને કૉલેજ, અભ્યાસક્રમ, અભ્યાસક્રમ પ્રવૃત્તિઓ અને વધારાની અભ્યાસક્રમ પ્રવૃત્તિઓની વ્યાપક ઝાંખી પૂરી પાડવા માટે આ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામનો મુખ્ય ઉદ્દેશ્ય નવા વિદ્યાર્થીઓ માટે તેમની શૈક્ષણિક સફરમાં સરળતા તથા સુવિધા આપવાનો અને તેમને કોલેજના વાતાવરણ અને તકોથી પરિચિત કરવાનો છે. આ કાર્યક્રમમાં આદરણીય આચાર્ય ડૉ. રાજી ડેનિસ અને વાઈસ-પ્રિન્સિપાલ ડૉ. રસિક તન્ના ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ અમારા નવા વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક સફરના આ નવા અધ્યાયની શરૂઆત કરતા પ્રેરિત કરીને તેમની મૂલ્યવાન સમજ આપી. કોલેજના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા તથા ડોએમ ડી પાંડે કેમ્પસ રજીસ્ટ્રાર વિદ્યાર્થીઓને સફળ ભવિષ્ય માટે અભિનંદન પાઠવ્યા હતા.

માહિતી ખાતામાં પ્રવિણભાઈ સોરઠીયા વય નિવૃત્ત સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૩૧

માહિતી ખાતામાં ૩૩ વર્ષની લાંબી સેવા બાદ કેમેરામેન શ્રી પ્રવિણભાઈ સોરઠીયા ગાંધીનગર ખાતેથી આજે વયનિવૃત્ત થતાં તેમને માહિતી પરિવાર દ્વારા ભાવભરી વિદાય આપવામાં આવી હતી. માન.રાજયપાલ શ્રીના પ્રેસ સચિવ અને સંયુકત માહિતી નિયામક શ્રી હિરેનભાઈ ભટ્ટે નિવૃત્ત થતા પ્રવિણભાઈને શુભેચ્છાઓ પાઠવીને તેમના સંસ્મરણો તાજા કર્યા હતા અને એમનું નિવૃત્તિ જીવન નિરોગીમય રહે એવી શુભકામનાઓ આપી હતી. માહિતી ખાતાની સમાચાર શાખાના નાયબ માહિતી નિયામક શ્રી જિગર ખુંટે પ્રવિણભાઈને શુભેચ્છા પાઠવતાં કહ્યું કે, સરકારી

સેવામાંથી નિવૃત્ત થવું એક ફરજનો ભાગ છે. ખાતામાં અનુભવી માણસો વયનિવૃત્ત થઈ રહ્યાં છે ત્યારે શ્રી પ્રવિણભાઈની સેવાઓની માહિતી પરિવારને ચોક્કસ ખોટ પડશે. તેમણે ઉમેર્યું હતું કે, માહિતી ખાતામાં ૩૩ વર્ષની સુધી સેવા આપનારા શ્રી પ્રવીણભાઈ સોરઠીયા કર્મઠ અને ફરજપરસ્ત કર્મચારી છે. તેઓએ તેમનો મોટા ભાગના સેવાકાળ દરમ્યાન મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયે પોતાની ફરજ અદા કરી છે. આગળનું જીવન તેમનું પરિવાર સાથે સુખમય અને નિરોગી નિવડે તેવી શુભેચ્છા આપી હતી.

દિવ્ય જીવન સંઘ દ્વારા યોગ ક્લાસ

ગાંધીનગર, તા.૩૧

દિવ્ય જીવન સંઘ, ગાંધીનગર શાખા દ્વારા તારીખ ૧-૮-૨૦૨૩ થી ભારત માતા મંદિર સેક્ટર ૭ ખાતે સવારે ૭: ૦૦ થી ૮:૦૦ સુધી દરરોજ, (રવિવાર સિવાય,) યોગ વર્ગ શરૂ થશે, ઇચ્છુક વ્યક્તિઓ તેમાં જોડાઈ શકશે.

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા એ વોર્ડ નં-૪ માં બાસણ અને પાલજની સરકારી પ્રાથમિક શાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમમાં સહભાગી બનીને છોડનું રોપણ કર્યું હતું. આ અવસરે મેયર એ પાલજ ખાતે નવ નિર્માણ પામી રહેલ અંગ્રેજી માધ્યમની શાળાની મુલાકાત કરીને તમામ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય અલ્પેશભાઈ ઠાકોર, સ્ટે. ચેરમેન જશવંતભાઈ પટેલ, કાઉન્સિલરશ્રીઓ, શહેર મહામંત્રી કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સંગઠનના હોદ્દેદારશ્રીઓ, આગેવાનશ્રીઓ, શિક્ષકો તેમજ કાર્યકર્તા મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

"ફૂડ ફોર હંગર" અંતર્ગત સે-૬ના ગરીબ બાળકોને ખીચડી વિતરણ

ગાંધીનગર, તા.૩૧

સેવા ક્ષેત્રે કાયમ આગળ રહેતી નગરની લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીનાની બહેનો દ્વારા સેક્ટર-૬ ના શ્રમજીવી વિસ્તારમાં રહેતા શ્રમિકો માટે ખીચડી વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ફેમીના દ્વારા અવારનવાર આવા સેવાકીય કાર્ય કરવામાં આવે છે. ક્લબના સેવાભાવી સભ્ય પરમજીત કૌર છાબડા તરફ થી ખીચડી વિતરણ કરવામાં આવ્યું હતું. ટીવીમાં ઘણા "રસોઈ શો"

માં અને વિવિધ સ્થળે યોજાતી વાનગી હરીફાઈ માં જજ તરીકે પોતાની સેવા આપતા આવ્યા છે. ખીચડી વિતરણ પ્રસંગે ચેરમેન વૈશાલીબેન જોશી ખાસ હાજર રહ્યા હતાં. પ્રેસિડેન્ટ ચંદાબેન યાદવની સાથે ટ્રેઝરર ગીતાબેન પટેલ, મીનાક્ષીબેન જય સિંઘાની, ભગવતીબેન પટેલ, કૃતજ્ઞ વસાવડા, ઉષાબેન ગક્ષર, માયાબેન સહિત અન્ય મેમ્બર્સ એ પણ ઉપસ્થિત રહી સેવાના ઓજસ પાથર્યા હતા.

સેકટર ૫ સિનિયર સિટીઝન હોલ ખાતે મહિલા મંડળ દ્વારા અધિકમાસના પ્રથમ એકાદશીના દિવસે સત્યનારાયણની કથા કરવામાં આવી હતી અને ભગવાનની કથા આરતી પુજા સેકટર ૫ મહિલા અગ્રણી હંસાબેન શુકલ તથા જાગૃતિબેન દવે દ્વારા ખુબ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું અને સેકટર ૫ ની મહિલા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.વણઝારા શૈલાબેન શંકરજી** ઉ.વ.૫૬, ચરેડી છાપરાં
- **સ્વ.બિહોલા નવુબેન ચંદુજી** ઉ.વ.૭૮, પાલજ
- **સ્વ.સરકાર રૂષિકેશ ગોવિંદ** ઉ.વ.૨૦, વેસ્ટ બંગાળ
- **સ્વ.ચાવડા સોમસિંહ મંગળસિંહ** ઉ.વ.૭૭, વરસોડા, માણસા
- **સ્વ.નાગર પુષ્પાબેન ચીમનલાલ** ઉ.વ.૮૬, વાવોલ
- **સ્વ.રાઠોડ વિક્રમભાઈ કાન્તિભાઈ** ઉ.વ.૩૦, સેકટર-૨૫

જન્મદિને વધામણી

મનીષાબેન પટેલ
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના
મો. ૯૮૨૪૧ ૩૨૩૪૪

લાભશંકર સી રાવલ
મો. ૮૪૮૮૦ ૯૪૨૬૭

દામીની રાવલ
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના
મો. ૯૦૯૯૦ ૯૨૦૨૬

પોપટલાલ એસ પ્રજાપતિ
મો. ૯૮૨૫૪ ૫૩૪૮૫

ભૂમિ જોગાણી
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના
મો. ૯૮૨૫૦ ૧૩૮૨૦

જયેશ તન્ના
આસિ. પ્રોફેસર
બીબીએ કોલેજ, ગાંધીનગર
મો. ૯૯૨૪૧ ૧૨૨૭૦

દેવાલાલ મણિલાલ નાચી
મો. ૯૯૨૪૭ ૪૬૨૫૬

ભાવના વ્યાસ
ભાવના એડ એજન્સી
મો. ૯૮૨૫૦ ૩૯૦૨૪

લાભુભાઈ જે ગોર
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ

કાંતિભાઈ પટેલ
નિવૃત્ત મેનેજર, સર્કિટ હાઉસ
મો. ૯૮૨૪૧ ૩૨૩૪૪

વીરાભાઈ પી ઠાકોર
રેડક્રોસ, ગાંધીનગર

ભારતીબેન જોષી

ભાનુકાન્ત પી. પરમાર

અંશુમાનસિંહ વિશાલસિંહ ડોડીયા
મો. ૯૯૯૮૭ ૩૪૧૪૬

કાર્તિક રાજપુરોહિત

રીતેશકુમાર સોની

સ્વામિનારાયણ મંદિર વાવોલ મહિલા મંડળ દ્વારા આયોજિત હિંડોળા ઉત્સવ માં મોબાઈલ કવર ના હિંડોળા યોજાયા હતાં.